# ગુજરાત હાઈકોર્ટ દ્વારા એડ્વોકેટને વોટ્સએપ પર રોજની કોઝલિસ્ટ મળશે

**વકીલોનાં** રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર PDF સ્વરૂપે કોઝલિસ્ટ મોકલાશે

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ન્યાયિક પ્રક્રિયાને વધુ સરળ અને ડિજિટલ બનાવવા માટે ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ મનાશ રંજન પાઠકના નિર્દેશ અને કમ્પ્યુટર, ટેક્નોલોજી, ડિજિટાઈઝેશન, ઈ-ફાઈલિંગ તથા પેપરલેસ કોર્ટ કમિટીના માર્ગદર્શન હેઠળ 7 ઓક્ટોબરથી વકીલોને વોટ્સએપ દ્વારા દરરોજની કોઝલિસ્ટ મોકલવાની પાયલોટ સેવા શરૂ કરવામાં આવી છે.

આ નવી વ્યવસ્થા હેઠળ વકીલવાર તૈયાર કરવામાં આવેલી દૈનિક કોઝલિસ્ટ વોટ્સએપ બિઝનેસ API મારફતે સંબંધિત વકીલોના રજિસ્ટર્ડ વોટ્સએપ નંબર પર દરરોજ સાંજે PDF ફાઈલ તરીકે મોકલવામાં આવશે.

અત્યાર સુધી વકીલોને કોઝલિસ્ટ જાહેર થયાની જાણ SMS દ્વારા મળતી હતી, ત્યારબાદ તેમને હાઈકોર્ટની વેબસાઈટ પર જઈને સંબંધિત કોઝલિસ્ટ શોધવી પડતી હતી. નવી વ્યવસ્થાથી આ પ્રક્રિયા વધુ સરળ બનશે.

વકીલો હવે પોતાના મોબાઈલ પર સીધી મળતી PDF ફાઈલ ખોલીને તે દિવસે સૂચિબદ્ધ થયેલા કેસોની વિગતો સરળતાથી મેળવી શકશે. આથી વેબસાઈટ પર વારંવાર જવાની જરૂરિયાત ઘટશે અને સમયની બચત થશે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પાયલોટ પ્રોજેક્ટના મૂલ્યાંકન બાદ વોટ્સએપ સેવા વિસ્તારવામાં આવશે.

## MBBS-BDS પ્રવેશના ત્રીજા રાઉન્ડમાં 783 બેઠકોની ફાળવણી-

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાની એમબીબીએસ અને ડેન્ટલ પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા ત્રીજા રાઉન્ડમાં નવી બેઠકોમાં એમબીબીએસમાં 442 અને ડેન્ટલમાં 341 મળી કુલ 783 બેઠકો ફાળવામાં આવી છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ 8,452 બેઠકો ફાળવવામાં આવી છે. ત્રીજા રાઉન્ડમાં ફાળવાયેલી બેઠકો માટે ઉમેદવારો 13 ઓક્ટોબર, બપોરે 3:30 વાગ્યા સુધી ઓનલાઈન ટ્યુશન ફી ભરી શકશે. ત્યારબાદ 14 ઓક્ટોબર, સાંજે 4 વાગ્યા સુધી હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરી અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશે. પ્રવેશ ફાળવણી બાદ ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં ફી ભરવાની અને જરૂરી દસ્તાવેજો સાથે રિપોર્ટિંગ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

# મજૂરી દર વધારાની માંગ સાથે DMD માર્કેટના હમાલોની હડતાળ

**પાંચથી** છ વર્ષથી મજૂરી દરમાં વધારો નહીં થતાં કામદારોમાં નારાજગી

**માંગણીઓ** નહીં સંતોષાય ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવાની ચીમકી

સુરતઃ શહેરના સારોલી વિસ્તારમાં આવેલા DMD ટેક્સટાઈલ માર્કેટમાં પાર્સલ ઊંચકવાનું કામ કરતા હમાલ મજૂરો મજૂરી દરમાં વધારાની માંગ સાથે હડતાળ પર ઊતર્યા હતા. લાંબા સમયથી મજૂરી દરમાં વધારો નહીં થતાં કામદારોમાં અસંતોષ ફેલાયો છે, જેના પગલે તેમણે કામકાજ બંધ કરી વિરોધ નોંધાવ્યો છે. સુરત જિલ્લા ટેક્સટાઈલ માર્કેટિંગ ટ્રાન્સપોર્ટ લેબર યુનિયનના પ્રમુખ ઉમાશંકર મિશ્રા અને પ્રવક્તા શાન ખાને જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચથી છ વર્ષ દરમિયાન હમાલ મજૂરોના મજૂરી દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આ સમયગાળા દરમિયાન કામદારો વેપારીઓ અને માર્કેટ મેનેજમેન્ટ સમક્ષ મજૂરી દર વધારવાની માંગણી વારંવાર રજૂ કરતા રહ્યા છે. જોકે, લાંબા સમયથી રજૂઆતો કરવા છતાં તેમની માંગણીઓ અંગે કોઈ સંતોષકારક નિર્ણય લેવામાં આવ્યો ન હોવાથી આખરે કામદારોને હડતાળનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે. પાર્સલની હેરફેર અને માલના લોડિંગ-અનલોડિંગ સાથે સંકળાયેલા હમાલોની હડતાળને કારણે માર્કેટની કામગીરી પર અસર થવાની શક્યતા છે. યુનિયનના આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે, કામદારોની મજૂરી દર વધારવાની માંગણી સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવામાં આવશે.

# નવી પિલ્લઈને શાંતિનું નોબેલ પારિતોષિક આપવા પાછળનો તર્ક સમજાતો નથી



ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

ભારતનાં બહુ ઓછાં નાગરિકોને નોબેલ પ્રાઇઝ મળ્યું છે, પણ ભારતીય મૂળના અને વિદેશમાં વસતાં અનેક નાગરિકો નોબેલ પ્રાઇઝ જીતવાના ભાગ્યશાળી બન્યાં છે. ભારતને આઝાદી અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ગાંધીજીને નોબેલ પ્રાઇઝ નહોતું મળ્યું, પણ ભારતમાં બાળમજૂરી સામે લડનારા કૈલાસ સત્યાર્થી નામના ઇસમને શાંતિનું નોબેલ પ્રાઇઝ મળ્યું હતું; જેમને આજે પણ ભારતનાં બહુ ઓછાં લોકો ઓળખે છે. હવે ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકન નાગરિક નવી પિલ્લઈને નોબેલ શાંતિ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. તેઓ કાયદાકીય નિષ્ણાત અને રવાન્ડા માટે આંતરરાષ્ટ્રીય ગુનાહિત ટ્રિબ્યુનલના ભૂતપૂર્વ પ્રમુખ છે. નોર્વેજીયન નોબેલ સમિતિએ શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો બદલ નવનેથેમ ઉર્ફે ‘નવી’ પિલ્લઈને ૨૦૨૬ નો નોબેલ શાંતિ પુરસ્કાર આપવાનો નિર્ણય લીધો છે. ભારતીય મૂળના તમિલ પરિવારમાં જન્મેલાં નવી પિલ્લઈ એક અગ્રણી વકીલ અને કાનૂની નિષ્ણાત છે. તેમનો જન્મ ૨૩ સપ્ટેમ્બર, ૧૯૪૧ ના રોજ દક્ષિણ આફ્રિકાના ડરબનમાં થયો હતો. તે સમયે દક્ષિણ આફ્રિકામાં ત્વચાના રંગના આધારે ભેદભાવ પ્રચલિત હતો. હવે દક્ષિણ આફ્રિકામાં રંગભેદ લગભગ સમાપ્ત થયો છે. વળી નવી પિલ્લઈ પણ તેમના વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્ત થઈ ગયા છે, ત્યારે તેમને નોબેલ પીસ પ્રાઇઝ આપવા પાછળનો તર્ક સમજાતો નથી. આ નિર્ણયથી સૌથી વધુ નારાજ કોઈ થયું હોય તો તે ડોનાલ્ડ ટ્રમ્પ છે.

નોબેલ પુરસ્કાર વિજેતા નવી પિલ્લઈ પેલેસ્ટિનિયન પ્રદેશો પર સંયુક્ત રાષ્ટ્ર કમિશન ઓફ ઇન્ક્વાયરીનાં અધ્યક્ષ પણ રહી ચૂક્યાં છે. તેમણે દક્ષિણ આફ્રિકાની હાઈકોર્ટ, રવાન્ડા માટે ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ અને યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર હ્યુમન રાઈટ્સમાં જજ તરીકે સેવા આપી છે.

તેઓ મ્યાનમાર સામે નરસંહારના આરોપો સાથે સંકળાયેલા કેસમાં આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં ન્યાયાધીશ હતા. નવી પિલ્લઈએ બળાત્કાર, જાતીય હિંસા અને હિંસા માટે ઉશ્કેરણીને માનવતા વિરુદ્ધના સંભવિત ગુનાઓ તરીકે માન્યતા આપતા સીમાચિહ્નરૂપ ચુકાદાઓમાં ન્યાયાધીશની મુખ્ય ભૂમિકા ભજવી હતી.

નવી પિલ્લઈનું જીવન તપાસીએ તો તેમાં કશું અસાધારણ નથી. ૧૯૪૧માં નાતાલ પ્રાંતમાં જન્મેલા નવી પિલ્લઈ નારાયણસામી નાયડુ અને સંથામા નાયડુનાં આઠ બાળકોમાં પાંચમા સંતાન હતા. તેમનાં દાદા-દાદી ભારતથી નાતાલમાં શેરડીના વાવેતરમાં કામ કરવા માટે સ્થળાંતરિત થયાં હતાં. તેમનાં માતાપિતાના લગ્ન નાની ઉંમરે થયાં હતાં. તેમના પિતા બસ ડ્રાઇવર તરીકે કામ કરતા હતા અને પરિવારની આવક વધારવા માટે માછીમારી જેવાં અન્ય કામો કરતા હતા, જ્યારે તેમની માતા ઘરનું કામ સંભાળતી હતી. ૧૯મી સદીમાં જ્યારે આ દેશ બ્રિટિશ વસાહતી શાસન હેઠળ હતો ત્યારે દક્ષિણ આફ્રિકામાં ભારતીય કરારબદ્ધ મજૂરો આવ્યાં હતાં. ૧૮૩૩માં બ્રિટિશ પ્રદેશોમાં ગુલામી નાબૂદ થયા પછી બગીચાનાં માલિકોને મજૂરોની અછતનો સામનો કરવો પડ્યો હતો. બ્રિટિશ સત્તાવાળાઓએ કોન્ટ્રેક્ટ લેબર પ્રણાલીનો આશરો લીધો હતો, જે પ્રણાલી હેઠળ ભારતનાં મજૂરોને બ્રિટિશ વસાહતોમાં શેરડીના વાવેતરમાં કામ કરવા માટે ભરતી કરવામાં આવતાં હતાં. ૧૮૬૦ અને ૧૯૧૧ ની વચ્ચે આશરે ૧,૫૦,૦૦૦ ભારતીય મજૂરો આ સિસ્ટમ હેઠળ દક્ષિણ આફ્રિકાના નાતાલની બ્રિટિશ વસાહતમાં ગયા હતા.

મુખ્યત્વે તમિલનાડુ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ગુજરાત જેવા વિસ્તારોમાંથી ભરતી કરાયેલાં આ મજૂરોને સ્થિર વેતનના વચન દ્વારા લલચાવવામાં આવ્યાં હતાં. કામદારોને લાંબા કલાકો સુધી કામ કરવાની ફરજ પાડવામાં આવતી હતી, તેમને કોરડા મારવા જેવી શારીરિક હિંસાનો ભોગ બનવું પડતું હતું. તેમને કેદ કરવામાં આવતાં હતાં, અસ્વચ્છ પરિસ્થિતિઓમાં રહેવાની ફરજ પાડવામાં આવતી હતી અને મૂળભૂત રાશનનો પણ ઇનકાર કરવામાં આવતો હતો. વસાહતી કાનૂની માળખું ફક્ત શ્વેત જમીનમાલિકોને રક્ષણ આપવા માટે બનાવવામાં આવ્યું હતું, જેના કારણે ભારતીય કામદારોને દુર્વ્યવહાર સામે કોઈ કાનૂની આશ્રય મળતો ન હતો.

નવી પિલ્લઈના પરિવારનો ઇતિહાસ બ્રિટિશ વસાહતી શાસન દરમિયાન દક્ષિણ આફ્રિકામાં સ્થળાંતર કરનારા ભારતીય કરારબદ્ધ મજૂરોનો ઇતિહાસ છે. સેમ નાયડુના પુસ્તક “નવી પિલ્લઈઃ રીયલાઇઝિંગ હ્યુમન રાઇટ્સ ફોર ઓલ’ અનુસાર નવી પિલ્લઈ ૧૮૯૦ના દાયકામાં દક્ષિણ આફ્રિકામાં સ્થળાંતર કરનારા ભારતીય કરારબદ્ધ મજૂરોનાં પૌત્રી છે. નવી પિલ્લઈ દક્ષિણ આફ્રિકામાં રંગભેદના યુગ દરમિયાન મોટા થયાં હતાં. આ પ્રણાલીએ જાતિના આધારે લોકોના અધિકારો નક્કી કર્યા હતા. કાળા અને બિન-શ્વેત સમુદાયોએ ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો. આ સામાજિક વાતાવરણે તેમના વ્યાવસાયિક જીવનની દિશાને પ્રભાવિત કરી હતી. તેઓ કાયદાને ફક્ત કોર્ટમાં કેસ લડવાના સાધન તરીકે જોતાં નહોતાં, પરંતુ ભેદભાવ સામે અવાજ ઉઠાવવા અને લોકોના અધિકારોનું રક્ષણ કરવાના સાધન તરીકે જોતાં હતાં. તેઓ દક્ષિણ આફ્રિકન હાઈકોર્ટનાં ન્યાયાધીશ તરીકે નિયુક્ત થનારા પ્રથમ બિન-શ્વેત મહિલા હતાં.

નવી પિલ્લઈએ દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટી ઓફ નાતાલમાંથી અભ્યાસ કર્યો હતો. તેમણે ૧૯૬૩માં બેચલર ઓફ આર્ટ્સ (BA) અને ૧૯૬૫માં કાયદાની ડિગ્રી (LL.B.) મેળવી હતી. ત્યાર બાદ તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી કાયદામાં માસ્ટર ડિગ્રી અને ૧૯૮૮માં ન્યાયશાસ્ત્રમાં ડોક્ટરેટની ડિગ્રી મેળવી હતી. કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેમણે દક્ષિણ આફ્રિકામાં કાયદાનો અભ્યાસ શરૂ કર્યો હતો. ૧૯૬૭માં તેઓ નાતાલ પ્રાંતમાં પોતાની કાનૂની પ્રેક્ટિસ કરનાર પ્રથમ મહિલા બન્યાં. તે સમયે જાતિગત ભેદભાવ હજુ પણ એક પડકાર હતો.

નવી પિલ્લઈની કારકિર્દીની સૌથી મહત્ત્વપૂર્ણ બાબતોમાંની એક રંગભેદવિરોધી કાર્યકરોના અધિકારો માટેનું તેમનું કાર્ય હતું. તેમણે દક્ષિણ આફ્રિકાની રંગભેદ પ્રણાલી સામે અવાજ ઉઠાવનારાં કાર્યકરોનો અદાલતોમાં બચાવ કર્યો હતો. નોબેલ સમિતિએ નેલ્સન મંડેલા સહિત રંગભેદવિરોધી વ્યક્તિઓના તેમના બચાવને પણ તેમની લાંબી કારકિર્દીનાં મુખ્ય પાસાં તરીકે વર્ણવ્યું હતું. તેમણે આંતરરાષ્ટ્રીય મહિલા અધિકાર સંગઠન ઇક્વાલિટી નાઉની સહ-સ્થાપના કરી. કાયદાની પ્રેક્ટિસ કર્યા પછી નવી પિલ્લઈએ ન્યાયતંત્રમાં પણ એક મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું. ૧૯૯૫ માં તેમને દક્ષિણ આફ્રિકાના હાઇકોર્ટનાં કાર્યકારી ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. આ પદ સંભાળનાર તેઓ પ્રથમ અશ્વેત મહિલા બન્યાં. રંગભેદના અંત પછી દેશમાં બદલાતા સામાજિક અને સંસ્થાકીય વાતાવરણમાં આ નિમણૂક એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતી. બાદમાં તેમણે યુદ્ધના ગુનાઓ અને નરસંહાર જેવા ગંભીર મુદ્દાઓ સાથે સંકળાયેલા કેસોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કર્યું હતું. ૧૯૯૫માં નવી પિલ્લઈને રવાન્ડા માટે આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ ટ્રિબ્યુનલના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. તેમણે ૧૯૯૫ થી ૨૦૦૩ સુધી ટ્રિબ્યુનલમાં અને ૧૯૯૯ થી ૨૦૦૩ સુધી તેના પ્રમુખ તરીકે સેવા આપી હતી.

૧૯૯૪માં રવાન્ડામાં થયેલા નરસંહાર અને સંબંધિત ગંભીર આંતરરાષ્ટ્રીય ગુનાઓ સંબંધિત કેસોની સુનાવણી માટે ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે જાતીય હિંસા અને નરસંહાર વચ્ચેના સંબંધ જેવા મહત્ત્વપૂર્ણ કાનૂની મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. યુદ્ધ દરમિયાન મહિલાઓ સામે થતી જાતીય હિંસા અને સામુહિક હિંસાને આંતરરાષ્ટ્રીય ગુના તરીકે કેવી રીતે જોઈ શકાય તે સ્થાપિત કરવામાં નવી પિલ્લઈની ભૂમિકાએ ફાળો આપ્યો. ત્યાર બાદ, ૨૦૦૩માં તેઓ આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ (ICC) નાં ન્યાયાધીશ બન્યાં. નવી પિલ્લઈની કારકિર્દીમાં બીજી એક મોટી સીમાચિહ્નરૂપ ઘટના સંયુક્ત રાષ્ટ્રમાં માનવ અધિકારોનાં વડાં બનવાની હતી. યુએન જનરલ એસેમ્બલીએ ૨૮ જુલાઈ, ૨૦૦૮ ના રોજ તેમની નિમણૂકને મંજૂરી આપી. તેમણે ૧ સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ યુએન માનવ અધિકારોના ઉચ્ચ કમિશનર તરીકે કાર્યભાર સંભાળ્યો અને ઓગસ્ટ ૨૦૧૪ સુધી આ પદ પર રહ્યાં હતાં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**૮૫ વર્ષના નવી પિલ્લઈ તેમના વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્ત થઈ ગયા છે ત્યારે તેમને નોબેલ પીસ પ્રાઇઝ આપવા પાછળનો તર્ક સમજાતો નથી**

## અનુસંધાન... પાના પહેલાનું

### જંતર-મંતર સૂમસામ...

દૂર રાખવા માટે લુટિયન્સ દિલ્હીમાં ૩૦,૦૦૦થી વધુ સુરક્ષાકર્મીઓની તૈનાતી કરવામાં આવી હતી અને જગ્યાએ જગ્યાએ બેરિકેડ્સ ગોઠવવામાં આવ્યા હતા.

વિપક્ષી દળોએ આ પરિસ્થિતિની સરખામણી ઈમરજન્સી કરતા પણ ખરાબ સ્થિતિ સાથે કરી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ યુવાનોને ‘વિરોધ પ્રદર્શન ચાલુ રાખવા’ ની આહવાન કરતા જણાવ્યું હતું કે ‘આપણે એ સુનિશ્ચિત કરવા જઈ રહ્યા છીએ કે આ શાસન અને બંધારણ પર હુમલો કરનારા લોકોનો પરાજય થાય.’ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના વડા મમતા બેનર્જીએ કહ્યું, ‘આ ઈમરજન્સીથી પણ આગળ વધી ગયું છે; આ ‘સુપર ઈમરજન્સી’ બની ગયું છે.’ અટકાયત કરાયેલા કેટલાક નેતાઓએ દાવો કર્યો હતો કે પોલીસ વાહનોમાં તેમને કલાકો સુધી ફેરવવામાં આવ્યા હતા.

ચેન્નઈમાં પોતાના ‘છાત્ર કી ગૂંજ’ કાર્યક્રમમાં હાજર રહેલા રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને RSSની ‘મૂળ લાક્ષણિકતા’ ‘કાયરતા’ છે. જો કે કથિત વોટ ચોરી મુદ્દે CEC ના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલી કોંગ્રેસે CJPના આ પ્રદર્શનથી અંતર જાળવી રાખ્યું હતું.

CJPના પ્રદર્શનને પગલે ૩૦,૦૦૦થી વધુ પોલીસ અને અર્ધલશ્કરી દળોની તૈનાતી સાથે શનિવારે નવી દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું હતું. માર્ગો પર બેરિકેડ્સની હારમાળા, ૪૫ મેટ્રો સ્ટેશનો બંધ કરવા અને શહેરના સરહદી પોઈન્ટ્સ, રેલવે સ્ટેશનો, બસ ટર્મિનલ્સ, હોટલો અને અન્ય સંવેદનશીલ સ્થળોએ સઘન ચેકિંગના કારણે રાજધાનીમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે દિલ્હીભરમાંથી ૭,૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી, જેમાં નવી દિલ્હી વિસ્તારમાંથી જ ૨,૦૦૦થી વધુ લોકો સામેલ હતા. પોતાની અટકાયત બાદ તરત જ જાહેર કરવામાં આવેલા એક પ્રી-રેકોર્ડેડ વીડિયો સંદેશમાં CJP નેતા દીપ્કેએ જણાવ્યું હતું કે સંગઠનના પ્રભારી અજિંક્ય શિંદે જંતર મંતર પર વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરશે. CJPએ સ્પષ્ટ કર્યું હતું કે તેના નેતાઓ હોય કે ન હોય, આ વિરોધ પ્રદર્શન દેશભરમાં ચાલુ રહેશે.

પોલીસે હનુમાન મંદિર, આકાશવાણી ભવન, સફદરજંગ ફ્લાયઓવર અને કેરળ હાઉસ સહિત અનેક સ્થળોએથી પ્રદર્શનકારીઓના જૂથોની અટકાયત કરી હતી. જંતર મંતર ખાતે પોલીસ દ્વારા સતત જાહેરાતો કરવામાં આવી રહી હતી, જેમાં લોકોને અને મીડિયાકર્મીઓને એક જગ્યાએ એકઠા ન થવાની સૂચના આપવામાં આવી રહી હતી. જંતર મંતર સુધી પહોંચવામાં સફળ રહેલા કેટલાક પ્રદર્શનકારીઓની પણ પોલીસે અટકાયત કરી હતી. દિલ્હી પોલીસના ચુસ્ત સુરક્ષા બંદોબસ્તને કારણે પ્રદર્શનકારીઓના જંતર મંતર પહોંચવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા.

### પોલીસ પર...

જ્યાં કેટલાક પ્રદર્શનકારીઓએ સુરક્ષાકર્મીઓ પર પથ્થરમારો કર્યો હતો. પ્રદર્શનકારીઓની અટકાયત દરમિયાન કુલ સાત સુરક્ષાકર્મીઓને ઈજાઓ પહોંચી હતી. AISAના નેતા નેહા સહિતના ડાબેરી નેતાઓની અટકાયત દરમિયાન ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ(સાઉથ) અનંત મિત્તલના હાથમાં પણ ઈજા થઈ હતી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, પોલીસ કર્મચારીઓ પર થયેલા કથિત હુમલાના સંબંધમાં પોલીસ દ્વારા બહુવિધ FIR નોંધવામાં આવે તેવી શક્યતા છે.

### ભાજપે વિરોધ...

પોલીસ દ્વારા જંતર મંતર તરફ જઈ રહેલા સેંકડો યુવાનો અને વિપક્ષી નેતાઓની અટકાયત કરવામાં આવી હોવાથી આ ‘ભીડશાહી’ પર લોકશાહીની જીત છે.














**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

DGVCL

CIN U40102GJ2003SGC042909

સચીન વિભાગીય કચેરી,

સચીન જીઆઈડીસી રોડ નંબર-૩, પ્લોટ નંબર -૩૨૫

પાલીવાલા ચોક નજીક સચિન-૩૯૪૩૨૦, સુરત.

ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નંબર ૧૯૧૨૩ અથવા 1800 233 3003

**વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત**

આથી અમારા માનવતા ગ્રાહકો ને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખો અને સમયે જે તે ફીડરઉપર વીજ પ્રવાહ બંધ રહેશે

| ક્રમ નંબર | સબ-સ્ટેશન નામ | ફીડર નું નામ | સબ ડીવીજન | ફરિયાદ નંબર | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી વાંઝ | ૧૧ કેવી ભાટીયા | સચીન અર્બન | ૧૯૧૨૩ | ૧૩-૧૦-૨૦૨૬ | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૨ | ૬૬કેવી સચીન-બી | ૧૧ કેવી પાલી | કનસાડ-રૂરલ | | ૧૩-૧૦-૨૦૨૬ | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૩ | ૬૬કેવી ડાયમંડ | ૧૧ કેવી સૂર્યા | કનસાડ-રૂરલ | | ૧૩-૧૦-૨૦૨૬ | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૪ | ૬૬કેવી ડેલાડવા | ૧૧ કેવી કરાડવા | ખરવાસા | | ૧૩-૧૦-૨૦૨૬ | ૦૯.૩૦ થી ૧૭.૦૦ |
| ૫ | ૬૬ કેવી વાંઝ | ૧૧ કેવી સચીન બજાર (ઓલ્ડ જી એચ બી) | સચીન અર્બન | | ૧૪-૧૦-૨૦૨૬ | ૦૯.૦૦ થી ૧૮.૦૦ |
| ૬ | ૬૬ કેવી હોજીવાલા(વાંઝ-૨) | ૧૧ કેવી જય અંબે | સચીન-૨ | | ૧૪-૧૦-૨૦૨૬ | ૧૦.૦૦ થી ૧૭.૦૦ |
| ૭ | ૬૬કેવી ડેલાડવા | ૧૧ કેવી મધુરમ | ખરવાસા | | ૧૪-૧૦-૨૦૨૬ | ૦૯.૩૦ થી ૧૭.૦૦ |
| ૮ | ૬૬કેવી સચીન-બી | ૧૧ કેવી તલંગપુર | કનસાડ-રૂરલ | | ૧૫-૧૦-૨૦૨૬ | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૯ | ૬૬ કેવી હોજીવાલા(વાંઝ-૨) | ૧૧ કેવી ગણેશ | સચીન-૨ | | ૧૫-૧૦-૨૦૨૬ | ૧૦.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૦ | ૬૬ કેવી વાંઝ | ૧૧ કેવીજી એચ બી (ઓલ્ડ સચીન બજાર) | સચીન અર્બન | | ૧૫-૧૦-૨૦૨૬ | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૧ | ૬૬ કેવી ખરવાસા | ૧૧ કેવી જય રાધે | ખરવાસા | | ૧૬-૧૦-૨૦૨૬ | ૦૯.૩૦ થી ૧૭.૦૦ |

કામ પૂર્ણ થયેથી આપેલ સમય પહેલા કોઈપણ પ્રકાર ની સૂચના આપ્યા સિવાય વીજપ્રવાહ ચાલુ કરવામાં આવશે . જેની નોંધ લેવી

એમ.સી.બી/ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

DGVCL

સી.આઈ.નં.-U40102GJ2003SGC042909

માંડવી (સં. અને નિ) વિભાગીય કચેરી

દુકાન નંબરઃ૩-૫-૧૭-૧૮, વિલા રેસિડેન્સી, ભારત પેટ્રોલિયમની સામે, તરસાડાબાર, માંડવી-૩૯૪૧૬૦.

ટોલ ફ્રી નં: ૧૯૧૨૩

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| અ.નં | સબ સ્ટેશનનું નામ | ફિડરનું નામ | પેટા વિભાગીય કચેરી | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વસરાવી | ૧૧ કેવી હરિ સાઈ જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૨.૧૦.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨ | વસરાવી | ૧૧ કેવી ગાડા ડુંગર એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૨.૧૦.૨૦૨૬ | સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩ | તડકેશ્વર | ૧૧ કેવી ધરમપુર જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૩.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪ | તડકેશ્વર | ૧૧ કેવી ઉમેલાવ એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૩.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૫ | કડોદ (વાવ) | ૧૧ કેવી સિંગોડ એજી | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૩.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૬ | કડોદ (વાવ) | ૧૧ કેવી બામણી જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૩.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૭ | ઝંખવાવ | ૧૧ કેવી રજવાડી એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૩.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૮ | ઉમરખડી | ૧૧ કેવી વાડી (ઉમરખડી)જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૩.૧૦.૨૦૨૬ | મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૯ | મોસાલી | ૧૧ કેવી મોસાલી જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૦ | મોસાલી | ૧૧ કેવી આમનડેરા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૧ | શાહ | ૧૧ કેવી ઝંખરડા જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૨ | શાહ | ૧૧ કેવી વસ્તાન એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૩ | માણેકપોર | ૧૧ કેવી શ્રી રામ એજી | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૪ | માણેકપોર | ૧૧ કેવી રામકબીર જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૫ | ચિમિપાતાલ | ૧૧ કેવી હલધરી એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૬ | ચિમિપાતાલ | ૧૧ કેવી બિલવાન જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૭ | ઊભારિયા | ૧૧ કેવી નશરપુર જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૮ | ઊભારિયા | ૧૧ કેવી ઊભારિયા એસએસટી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૧૯ | કડોદ (વાવ) | ૧૧ કેવી કડોદ જેજીવાય | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૦ | કડોદ (વાવ) | ૧૧ કેવી ઝરિમોરા એજી | કડોદ | ૮૯૮૦૮૦૩૮૬૭ | ૧૪.૧૦.૨૦૨૬ | બુધવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૧ | માંડવી | ૧૧ કેવી જામણકૂવા જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૨ | માંડવી | ૧૧ કેવી નાનીચેર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૩ | માંડવી | ૧૧ કેવી રામેશ્વર એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૪ | માંડવી | ૧૧ કેવી રિવરફ્રન્ટ અર્બન | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૫ | માંડવી | ૧૧ કેવી માંડવી (ટી) અર્બન | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૨ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૨૬ | કાટિસકુવા | ૧૧ કેવી ધામોદલા જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૭ | વાંકલ | ૧૧ કેવી રટોટી એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૮ | વસરાવી | ૧૧ કેવી રાતોલા જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૫.૧૦.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨૯ | મઢી | ૧૧ કેવી સ્યાદલા એજી | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૦ | મઢી | ૧૧ કેવી મઢી જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૧ | ઝંખવાવ | ૧૧ કેવી રજવાડી એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૨ | ઉમરખડી | ૧૧ કેવી વાડી (ઉમરખડી)જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૩ | વાંકલ | ૧૧ કેવી નાંદોલા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૪ | વાંકલ | ૧૧ કેવી ખરેડા એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૫ | વાંકલ | ૧૧ કેવી પતાલદેવી જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૩૬ | ઉમરખડી | ૧૧ કેવી લીમધા જેજીવાય | ઉમરખડી | ૬૩૫૭૦૯૭૯૮૨ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૭ | ઉમરખડી | ૧૧ કેવી તારાપોર એજી | ઉમરખડી | ૬૩૫૭૦૯૭૯૮૨ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૮ | માંડવી | ૧૧ કેવી અમલસાડી એજી | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૧૬.૧૦.૨૦૨૬ | શુક્રવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |
| ૩૯ | મઢી | ૧૧ કેવી કહેર એજી | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૭.૧૦.૨૦૨૬ | શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૦ | મઢી | ૧૧ કેવી વાંસકુઇ જેજીવાય | મઢી | ૮૯૮૦૮૦૩૮૬૪ | ૧૭.૧૦.૨૦૨૬ | શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૧ | મોસાલી | ૧૧ કેવી ગાડકચ્છ એજી | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૭.૧૦.૨૦૨૬ | શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૨ | મોસાલી | ૧૧ કેવી આંબાવાડી જેજીવાય | માંગરોળ | ૮૪૬૯૫૪૨૭૮૪ | ૧૭.૧૦.૨૦૨૬ | શનિવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૪૩ | બારડી | ૧૧ કેવી બારડી જેજીવાય | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૭.૧૦.૨૦૨૬ | શનિવાર | ૦૮:૦૦ થી ૧૫:૦૦ |

કાર્યપાલક ઈજનેર(સં. અને નિ.), માંડવી વિભાગીય કચેરી, દ.ગુ વી. કં.લિ.

એમ.સી.બી/ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

DGVCL

CIN U40102GJ2003SGC042909

સુરત ગ્રામ્ય વિભાગીયકચેરી

ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંત ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે,જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. પાસોદરા | પાસોદરા | ૬૩૫૭૨૩૧૪૦૯ | ૧૪.૧૦.૨૬/બુધવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૨ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. વેડછા | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૫.૧૦.૨૬/ગુરૂવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૩ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. નેચરવેલી | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૫.૧૦.૨૬/ગુરૂવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૪ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. શુભમ | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૧૭.૧૦.૨૬/શનિવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |

કાર્યપાલક ઈજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી. / ઈ.એલ.સી.બી. / આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝાટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.